NIPUN BHARAT
પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ કચેરી,
સમગ્ર શિક્ષા, સેકટર-૧૭,
ગાંધીનગર.
Email - ebsbguj@gmail.com
ફોનનં-૦૭૯-૨૩૨૪૧૩૩

પત્રકમાંક: સમગ્ર શિક્ષા/ક્યુઈસેલ/1/2022/૫૦૭૩૩-૯૯ તા:૧૭/11/2022

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિલ્લા: તમામ.

વિષય : મધ્ય પ્રદેશ રાજયમાં યોજાનાર રાષ્ટ્રીય બાલરંગ મહોત્સવ 2022માં જુદા જુદા રાજયના પરંપરાગત નૃત્ય પ્રદર્શન માટેની સ્પર્ધામાં ભાગ લેવા બાબત. (ગુજરાત રાજયના વિસ્તાર કે પ્રદેશનું પરંપરાગત લોકનૃત્ય સ્પર્ધા)

સંદર્ભ : Directorate of Public Instruction Madhya Pradesh, Date : 11/10/2022, D.O Letter No. 2071.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ચાલુ વર્ષ શિક્ષણ વિભાગ, મધ્યપ્રદેશ અને ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય માનવ સંગ્રહાલય, મીનીસ્ટ્રી ઓફ કલ્ચર, ભારત સરકાર (IGRMS, Gov. of India) દ્વારા રાષ્ટ્રીય બાલરંગ મહોત્સવ 2022નું આયોજન કરવામાં આવેલ છે. જેનો મુખ્ય ઉદ્દેશ્ય રાષ્ટ્રીય એકતાની ભાવનાને પ્રોત્સાહન આપવાનો અને આપણા દેશના વિવિધ પ્રદેશોના વિવિધ સાંસ્કૃતિક મૂલ્યો અને જીવનશૈલી બાબતે લોકોમાં જાગૃતિ કેળવવાનો છે. વિવિધ રાજ્યોની ટીમો વચ્ચે પરંપરાગત નૃત્યોની સ્પર્ધા માટે એક નેશનલ ડાન્સ કોમ્પીટીશનનું આયોજન આગામી તારીખ 18 અને 19 ડિસેમ્બર, 2022 (રવિવાર અને સોમવાર) ભોપાલ, મધ્યપ્રદેશ મુકામે કરવામાં આવેલ છે.

આપના જિલ્લાની માધ્યમિક, ઉચ્ચત્તર-માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં બાળકોમાંથી ગુજરાત રાજ્યની સાંસ્કૃતિક દર્શન કરાવતું રાજ્યના જિલ્લાઓના પરંપરાગત લોકનૃત્યની એક શ્રેષ્ઠ ટીમને જિલ્લાકક્ષાએથી તટસ્થ રીતે પસંદ કરી, તેની નીચે મુજબની વિગતો અત્રેની કચેરીના ebsbguj@gmail.com ઈ-મેઈલ પર તા. 25/11/2022 શુક્રવાર, સાંજ 6.00 કલાક સુધીમાં સત્વરે મોકલી આપશો.

- આ સ્પર્ધામાં માત્ર કુમાર અથવા માત્ર કન્યા અથવા કુમાર-કન્યા મિશ્રની કોઈ એક ટીમને મોકલવાની રહેશે.
- પરંપરાગત નૃત્ય પ્રદર્શન દરમિયાન ગાયન અને વાદન અને નૃત્યની રજુઆત આ સ્પર્ધામાં ભાગ લેનાર ટીમના કુલ 15 સભ્યોએ સાથે મળી કરવાનું રહેશે, આ નૃત્ય સમયે પરંપરાગત લોકનૃત્યના શબ્દોનું ગાયન-ઉચ્ચારણ, સંગીતના વાજિંત્રોનું વાદન વગેરે કાર્યનું સંચાલન સ્પર્ધક ટીમના સભ્યો દ્વારા જ કરવાનું રહેશે.
- પરંપરાગત નૃત્ય પ્રદર્શન દરમિયાન કોઈ પણ ડીજીટલ માધ્યમ, કેસેટ-સિડી-પેનડ્રાઈવ-અન્યનો ઉપયોગ થઈ શકશે નહી.
- પરંપરાગત નૃત્ય પ્રદર્શન સ્પર્ધા માટે નૃત્યનો સમય વધુમાં વધુ 10 મિનીટનો રહેશે.
- આપના જિલ્લામાંથી પસંદ કરેલ કોઈ એક ટીમના પરફોર્મન્સની વિડીયોગ્રાફી કરી જિલ્લાના ઇમેલ-ગુગલ ડ્રાઈવ ઉપર અપલોડ કરી, તેની ગુગલ ડ્રાઈવની લિંક અત્રેની કચેરીના ebsbguj@gmail.com ઈ-મેઈલ પર મોકલશો.
- જિલ્લામાંથી આવેલ ટીમના 10 મિનીટના વિડિયોનું મૂલ્યાંકન રાજયકક્ષાની જ્યુરીટીમ દ્વારા થશે અને તે પૈકી શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર કોઈ એક ટીમને તા.18 અને 19 ડિસેમ્બર, 2022 (રવિવાર અને સોમવાર) ભોપાલ, મધ્યપ્રદેશ રાજ્ય ખાતે સ્પર્ધામાં ભાગ લેવા માટે પસંદ કરવામાં આવશે.

આ સ્પર્ધા બાબતે અન્ય જરૂરી વિગતો માટે સંપર્ક ભરતસિંહ વાઘેલા 9879503835, હેમલબેન પંડયા 9924208671.

આભાર સહ...

---

પરિપત્ર ! ૨૩૧

ક્રમાંક:સમગ્ર શિક્ષા/બાલરંગ મહોત્સવ/૨૦૨૨
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અમરેલી તા.૧૮/૧૧/૨૦૨૨

ઉપરોકત પરીપત્રની જાણ તથા અમલ સારુ

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉ.મા.શાળાઓ તમામ